# વલસાડ અને ડાંગ વિસ્તારના બાળકોને બાળદિન નિમિત્તે અમૂલ્ય ઉપહાર - 'શ્રીમદ્ રાજચંદ્ર હૉસ્પિટલ'ની નિયોનેટલ એમ્બ્યુલન્સ !

## શ્રીમદ્ રાજચંદ્રજીના જન્મજયંતી દિને પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈના પાવન હસ્તે લોકાર્પણ

બાળદિનની સમગ્ર રાષ્ટ્રમાં ઉજવણીઓ થઈ રહી છે, ત્યારે વલસાડ અને ડાંગ જિલ્લામાં બાળકોને એક અનોખી ભેટ આપવામાં આવી. શ્રીમદ્ રાજચંદ્રજીના જન્મજયંતી દિન તા.૯મી નવેમ્બરે, પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈના પાવન હસ્તે **'શ્રીમદ્ રાજચંદ્ર હૉસ્પિટલ'ની નિયોનેટલ એમ્બ્યુલન્સ**નું લોકાર્પણ કરવામાં આવ્યું. આ વાન વિશ્વકક્ષાના અદ્યતન સાધનોથી સુસજ્જ છે, જેમ કે મોબાઈલ વેન્ટીલેટર, મલ્ટીપેરામીટર મોનીટર, સીરીંજ પંપ, વાર્મર અને જીવન બચાવની દવાઓ વગેરે. દરેક પરિવહન વખતે નિષ્ણાત ડૉક્ટર અને નર્સની ટીમ પણ શિશુની દેખભાળ રાખવા હાજર રહેશે. સમસ્ત વલસાડ અને ડાંગ જિલ્લામાં આ પ્રકારની આ પ્રથમ જ એમ્બ્યુલન્સ છે. શિશુ સારવારમાં આ એક અત્યંત મહત્વની સુવિધા બની રહેશે, કારણ પર્યાપ્ત તાપમાન અને શ્વસન નિયંત્રણના અભાવે નવજાત શિશુઓ પરિવહન દરમિયાન જ મૃત્યુ પામવાની શક્યતા હોય છે, જે હવે આ ખાસ એમ્બ્યુલન્સમાં સલામત રીતે હૉસ્પિટલ પર પહોંચશે અને તેઓનું જીવન બચાવી શકાશે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના યોગબળ અને પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લામાં કાર્યરત **'શ્રીમદ્ રાજચંદ્ર હૉસ્પિટલ'** છેલ્લા ૧૪ વર્ષથી આરોગ્યના ક્ષેત્રે અનન્ય યોગદાન આપી રહી છે. આ વિસ્તારમાં શિશુમૃત્યુ અને માંદગીનું પ્રમાણ ઘણું ગંભીર છે. સુવાવડ માટે આવતી ઘણી સ્ત્રીઓનાં ઓછાં વજન, નાની ઉંમર અને કુપોષણના કારણે શિશુજન્મ સમય પહેલાં થવો, શારીરિક અને માનસિક અપર્યાપ્તતા થવી વગેરે જટિલ સમસ્યાઓ થાય છે. તેમને ખાસ વિશેષ પ્રકારની સંભાળની જરૂર છે. આ સર્વ પરિબળોને ધ્યાનમાં લેતાં **શ્રીમદ્ રાજચંદ્ર હૉસ્પિટલે** શિશુ સારવારના દરેક પાસાંને સમગ્રપણે આવરી લેતો કરુણાસભર અભિગમયુક્ત કાર્યક્રમ અપનાવ્યો છે, જે દ્વારા શિશુજન્મથી લઈને તેઓના જીવનના પ્રારંભિક વર્ષો સુધી તેઓને ઉચ્ચ ગુણવત્તાભરી તબીબી સારવાર ઉપલબ્ધ થઈ રહી છે.

આ કાર્યક્રમમાં **શ્રીમદ્ રાજચંદ્ર સુરક્ષિત માતૃત્વ કાર્યક્રમ** હેઠળ પ્રસૂતા સ્ત્રીઓની સ્વાસ્થ્ય સંભાળ લેવામાં આવે છે. આ વિસ્તાર માટે વરદાનરૂપ એવી અદ્યતન તબીબી સાધનોથી સજ્જ **શ્રીમદ્ રાજચંદ્ર હૉસ્પિટલ**માં ૧૦,૦૦૦થી વધુ સલામત પ્રસૂતિઓ કરાવવામાં આવી છે! નવજાત શિશુઓની સારવાર માટે હૉસ્પિટલનું **શ્રીમદ્ રાજચંદ્ર નિઓનૅટલ ઈન્ટેન્સીવ કેર યુનિટ**, વલસાડ જિલ્લામાં અદ્યતન છે. જેમાં દર વર્ષે લગભગ ૭૦૦ શિશુઓની સારવાર થાય છે. આ યુનિટ શરૂ કરવામાં આવ્યું ત્યારે આ વિસ્તારમાં  શિશુમૃત્યુનો દર ૫૦ હતો. અહીંના નિષ્ઠાપૂર્ણ વિશેષજ્ઞ ડૉક્ટરો ખૂબ જ સફળતાપૂર્વક સારવાર કરી શિશુમૃત્યુના દરને નીચો લાવવામાં સફળ થયા છે અને હજી સતત પ્રયત્નો કરી રહ્યા છે. આ માટે ડૉ. જયંતી રાવી - હેલ્થ કમિશ્નર, ગાંધીનગર કહે છે કે, **"ગુજરાતમાં શિશુમૃત્યુનો દર ૩૦ છે, જે સમગ્ર ભારતમાં શ્રેષ્ઠ છે, આ સિદ્ધિમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલને હું બિરદાવું છું."**

જે શિશુઓ સમય કરતાં પહેલાં જન્મે છે અથવા બહુ ઓછું વજન હોય છે, તેઓને સેરીબલ પલ્સી, અંધાપો, બહેરાશ જેવી ગંભીર તકલીફો થવાની શક્યતા ઘણી વધી જાય છે. વળી, તેઓનો શારીરિક કે સંજ્ઞાજ્ઞાનાત્મક વિકાસ પણ રુંધાય છે. **શ્રીમદ્**

**રાજચંદ્ર ડિસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર** શિશુની યોગ્ય તપાસ અને સારવાર દ્વારા આવી લાંબા ગાળાની તકલીફો અટકાવવા કે ઘટાડવા સારવાર આપે છે. તેને ગુજરાત સરકાર દ્વારા મોડેલ સેન્ટર તરીકે માન્યતા પ્રાપ્ત થઈ છે. **શ્રીમદ્ રાજચંદ્ર વિકલાંગ સેન્ટર** શિશુઓની શારીરિક અને માનસિક અસમર્થતાની સારવાર કરે છે. **શ્રીમદ્ રાજચંદ્ર ચાઈલ્ડ માલ ન્યૂટ્રિશન ટ્રીટમેન્ટ સેન્ટર (બાળ કુપોષણ સારવાર કેન્દ્ર)** અપૂરતાં પોષણના કારણે રોગગ્રસ્ત બનતાં બાળકોને તબીબી તપાસ અને માર્ગદર્શન હેઠળ પૌષ્ટિક તથા ન્યૂનતાપૂરક ખોરાકની જરૂરિયાત પૂરી પાડે છે. આમ **શ્રીમદ્ રાજચંદ્ર હૉસ્પિટલ**માં શિશુઓના સ્વાસ્થ્યની સમગ્રપણે સંભાળ લેવામાં આવે છે, જેમાં **નિયોનેટલ એમ્બ્યુલન્સ**નો ઉમેરો થતાં શિશુઓને સમયસર હજુ શ્રેષ્ઠ સારવાર મળી શકશે.

વળી આ બાળકોના શૈક્ષણિક વિકાસ અર્થે પ્રાથમિક તથા માધ્યમિક શાળા **શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાવિહાર**, ઉચ્ચ માધ્યમિક સ્તરની શાળા **શ્રીમદ્ રાજચંદ્ર ગુરુકુળ**, **B.Sc.** અને **M.Sc.**નો અભ્યાસક્રમ ધરાવતી સાયન્સ કોલેજ **શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ**, **શ્રીમદ્ રાજચંદ્ર કોચીંગ ક્લાસીસ**, **શ્રીમદ્ રાજચંદ્ર શૈક્ષણિક સાધન સહાય**, **શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યા વિકાસ યોજના**, **શ્રીમદ્ રાજચંદ્ર મધ્યાહ્ન ભોજન યોજના** અને **શ્રીમદ્ રાજચંદ્ર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર** જેવા વિવિધ સંસ્થાઓ અને કાર્યક્રમો કાર્યરત છે, જે ખૂબ સફળતાપૂર્વક આ બાળકોને શિક્ષણ પ્રદાન કરી તે દ્વારા ભવિષ્યના જવાબદાર નાગરિકો તૈયાર કરી રહ્યા છે.

તો ચાલો, કોઈ પણ રાષ્ટ્રનું ભવિષ્ય એવા બાળકોના તંદુરસ્ત સ્વાસ્થ્ય અને ઉજ્વળ ભવિષ્યમાં મહત્વનો ભાગ ભજવતી સંસ્થાઓ અને અભિયાનોને બિરદાવી આપણે અનોખો બાળદિન ઉજવીએ!

વધુ માહિતી માટે : www.srloveandcare
પ્રેસ માટે તથા વધુ માહિતી માટે સંપર્કઃ અલ્પા ગાંધી. ફોન + ૯૧ ૮૩૬૯૪૬૭૨૨૩, ઉત્પલ મહેતા + ૯૧ ૯૮૨૦૦૬૬૫૯૩, મેહુલ ખોખાણી + ૯૧ ૯૮૨૧૦૪૬૬૦૩
ઈ-મેઈલ : publicrelations@shrimadrajchandramission.org